


સ્થાપક : સ્વ. શાંતિભાઈ ધોળકિયા
તંત્રી : વિરેન શાં. ધોળકિયા
લવાજમ : વાર્ષિક રૂા. ૧૦૦/-
વર્ષ : ઓગષ્ટ થી જુલાઈ

વર્ષ : ૪૮ અંક : ૧૨
જૂલાઈ – ૧૨


# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ



કવિશ્રી નરસિંહ મહેતા



નર્મદ



ગોવર્ધનરામ ત્રિપાઠી



રામનારાયણ પાઠક



ભગવાનલાલ ઈન્દ્રજી

## નાગર તો બસ નાગર છે...

જે નિશદિન સેવારત જીવનમાં,
મહાલક્ષ્ય જેનું જ્ઞાન સાગર છે,
જેના ઉરે ઘૂઘવતા સદાચારની વારી,
એ નાગર તો બસ નાગર છે.
સમર્પણ ભાવ જેના નયને,
અભયત્વ સદા જેના સૂરમાં ધબકે,
વૈષ્ણવ ભાવ જેના સૂરમાં ધબકે,
એ નાગર તો બસ નાગર છે.
'બહુજન હિતાય' છે ચિંતન જેનું,
ઉર ધબકાર જેનો શ્રી હાટકેશ રે,
મેઘ મલ્હાર જેના કંઠમાં વહેતો,
એ નાગર તો બસ નાગર છે.
જેના રક્તમાં વહેતી શક્તિ કલમની,
કડછી માધ્યમથી જે નવરસ માણે છે,
બરછી જેનું પ્રતીક અભયત્વનું,
એ નાગર તો બસ નાગર છે.
સુખ દુઃખમાં સમતોલ રહે જે,
નીત મહાશક્તિનો જે આરાધક છે,
પંથમાં પૂજાય સંસ્કાર, 'પ્રેરણાંશુ'
એ નાગર તો બસ નાગર છે.

– મહેશ દેસાઈ – પ્રેરણાંશુ– રાજકોટ.


<u>બરછી કાર્યાલયનું સરનામુ નોંધી લેશોજી...</u>
બરછી કાર્યાલય C/o. ક્રાઉન આર્ટ પ્રિન્ટર્સ, લોહેશ્વા ગર્લ્સ હાઈસ્કુલ બિલ્ડીંગ, લોહેશ્વાનગર મેઈન રોડ, રાજકોટ-૧.
ફોન : ૦૨૮૧-૨૪૫૩૦૯૩ મો. ૯૪૨૮૭ ૮૮૧૭૫ e mail : barchhi@rediffmail.com Web : www.barchhi.com

# --- લગ્ન વિષયક જાહેરાત ---

(આ અંકના પાત્રોના બાયોડેટા મુજબ અનુભવે લાગે છે કે આ માસમાં ફોન વધારે 'એટેન્ડ' કરવાના આવશે...અને આ બે માસ નવા વર્ષના લવાજમની કામગીરી વધારે રહેશે જેથી લ. વિ. જાહેરાતના ફોન નંબર માત્ર રાત્રે **<u>૮ થી ૯</u>** દરમ્યાનનો <u>જ</u> સમય ફાળવેલ છે... ફોન કયાં કરશો ?...૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર !)

(૧) એમ.કોમ., જ. ૭/૧૯૮૭, ઉંચાઈ ૫'.૪" પ્રા. કંપનીમાં નોકરી કરતી કાપિષ્ટ ગોત્રની (મંગળ છે) કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૨) બી.કોમ.,કોમ્પ્યુટર કોર્ષ, ૭/૧૯૭૮, ૫'.૧" ઉંચાઈની માંગલિક કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૧૭-

(૩) બી.એસ.સી.(હો.સા.)ડીએમએલટી, ડીસીએસ. જ. ૧૨/૧૯૮૧, ૫'.૩" ઉંચાઈની માંગલિક કન્યાને યુવક સંપર્ક : ૦૨૮૧-

(૪) એમ.બી.એ., ૯/૧૯૮૫, ૫'.૨" ઉંચાઈની MNCમાં નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫-

(૫) બી.ઇ., એમ.બી.એ., ૩/૧૯૮૬, ૫'.૫" ઉંચાઈના એમએનસીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(૬) બી.કોમ., ૮/૧૯૮૪, ૫'.૪" ઉંચાઈની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૨-

(૭) સીસીએનએ, ડીપ્લોમા નેટ વર્કીંગ જ. ૧૨/૧૯૮૩, ૬'.૪" ઉંચાઈના પ્રા. લી. કંપનીમાં સારા પગારથી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(૮) બી.કોમ., પીજીડીસીએ,ડીટીબી, જ. ૧૧/૧૯૭૯, ૫'.૬" ઉંચાઈના કાયમી નોકરી કરતા નિર્દોષ છૂટાછેડા લીધેલ યુવકને સંસ્કારી કન્યા. સંપર્ક : ૯૯૨૪૪૬૩૭૭૮

## એચ.એસ.સી. બોર્ડમાં જ્યોત અંતાણી ઝળકયા



તાજેતરમાં ગુજરાત એચ.એસ.સી. બોર્ડ દ્વારા લેવાયેલ એચ.એસ.સી.ની પરીક્ષામાં અમદાવાદ સ્થિત શ્રી દિગંત ચંદ્રકુમારભાઈ અંતાણી અને શ્રીમતી જીજ્ઞાશાબેનના પુત્ર જ્યોત અંતાણીએ ૯૯.૮૮ પીઆર સાથે ઉત્તીર્ણ થઈ ફરી તેમની તેજસ્વીતા પૂરવાર કરી. AIEEE માં ચિ. જ્યોતે ગુજરાતમાં ૨૧મો ક્રમાંક મેળવી મુંબઈની IIT કેમીકલ એન્જીનીયરીંગમાં પ્રવેશ મેળવ્યો છે. નોંધપાત્ર છે કે તેમણે એસ.એસ.સી.માં પણ બોર્ડમાં ૯મા સ્થાને આવી જ્વલંત સફળતા મેળવી હતી.

આ રીતે કુટુંબ અને જ્ઞાતિના ગૌરવની જ્યોત જલતી રાખનાર જ્યોતને અભિનંદન-શુભેચ્છા.

## એચ.એસ.સી બોર્ડમાં સમીર-સાગર અગ્રીમ





રાજકોટના સમીર બુચ (શ્રીમતી સિધ્ધી તથા પ્રકાશ બુચના પુત્ર) માર્ચ ૨૦૧૨માં લેવાયેલ એચ.એસ.સી.ની પરીક્ષામાં ૯૯.૯૯ પીઆર મેળવી બોર્ડમાં પ્રથમ ક્રમાંક સાથે ઝળહળતી સફળતા મેળવી 6જ્યારે બીજા પુત્ર સાગર બુચે આ જ પરીક્ષામાં ૯૯.૭૫ પીઆર ઉત્તીર્ણ થઈ જ્વલંત સફળતા મેળવી છે. સમીર-સાગર બુચ ગોંડલના સ્વ. ભામાબહેન પ્રહલાદરાય બુચના પૌત્ર તથા જૂનાગઢના ભારતીબેન વાલ્મીકરાય વોરાના દોહિત્ર થાય.

અભ્યાસમાં પણ સંપ રાખી કુટુંબ અને જ્ઞાતિને ગૌરવાન્વિત કરનાર સમીર-સાગરની જોડીને અભિનંદન સહ શુભકામના.

## 'કલારત્ન' એવોર્ડથી નવાજાતા શ્રી અતુલ મહેતા



આજે એક એવા કલાકારનો પરિચય કરીશું જેઓ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રમાં નોકરી દરમિયાન ૧૯૮૯ માં રેટીનોસીસ પિગ્મેટોસ નામના રોગનો ૩૩મા વર્ષે ભોગ બન્યા. જીંદગીની ૩૩ વસંત જોયા પછી દ્રષ્ટિહીન થયાનો કારમો આઘાત જીંદગીને સંગીતમય બનાવી ઝીલવાનો તેમણે નિર્ધાર સાથે પ્રચંડ પુરૂષાર્થ કર્યો અને પરિવાર અને મિત્રોના સહકારથી તેઓએ ૧૯૯૧ થી સ્ટેજ ઉપર પદાપર્ણ કર્યું. અસંખ્ય વનમેન શો કર્યા. આજે તેઓ સંગીતમાં ઓતપ્રોત થઈ ખરે જ સંગીતમય જીવન જીવી રહયા છે...આ કલાકાર છે.... મૂળ ભાવનગરના અને રાજકોટ ખાતે સ્થાયી થયેલા અતુલભાઈ મહેતા.

અતુલભાઈ દ્રષ્ટિહીન હોવા છતાં છેલ્લા ૨૦ વર્ષથી ગાયક તેમજ કી-બોર્ડ પ્લેયર તરીકે કાર્યરત છે. સ્ટેજ ઉપર સતત ૩ કલાક સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કરનાર ગુજરાતના તેઓ પ્રથમ દ્રષ્ટિહીન કલાકાર છે. નાનપણથી સંગીતના શોખને કારણે હારમોનીયમ, તબલા, મેન્ડોલીન વગેરે વાદ્યો પધ્ધતિસર શીખ્યા હતા. કી-બોર્ડ પર હાથ અજમાવવાનો વિચાર આવતાં મુળભૂત રીતે ડાબેરી એવા અતુલભાઈએ કલા ગુરૂ કાંતિભાઈ સોનછત્રાના નિર્દેશન મુજબ જમણા હાથે નવેસરથી કી-બોર્ડ શીખવાની શરૂઆત કરી. તેઓ થોડા જ સમયમાં આ કોમ્પ્યુટરાઈઝડ ઈન્સ્ટ્રુમેન્ટ બંન્ને હાથે વગાડી શકે તેવા પારંગત થયા. છેલ્લા ૨૦ વર્ષમાં ૨૫૦૦ થી વધારે સંગીતના કાર્યક્રમોનું સંચાલન કરનાર અતુલભાઈને કંઈક નવું કરવાની ઉત્કંઠા જાગી. આજે તેઓ લેટેસ્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને કોઈની પણ મદદ લીધા વગર બે લેપટોપ એકસાથે ઓપરેટ કરી સ્ટેજ ઉપર સતત ૩ કલાકનો ખરા અર્થમાં 'વન મેન શો' કરે છે. જયાં સ્ટેજ ઉપર એમની સાથે બીજા કોઈ સહ કલાકાર કે મદદનીશ હોતા નથી. આવી ''યુનીકનેસ'' માટે તેઓએ 'લીમકા બુક ઓફ રેકોર્ડસ'માં નામ નોંધાવેલ છે. તેઓની આ ઉપલબ્ધિની નોંધ તમામ ગુજરાતી વર્તમાનપત્રો, અભિયાન જેવા સામાયિકો, દૂરદર્શન, ઝી ગુજરાતી, ટી વી નાઈન જેવી ચેનલ્સ દ્વારા લેવાતી રહી છે. ૫૧ વિશિષ્ટ ગુજરાતીઓ કે જેમાં મોરારીબાપુ, પરેશ રાવલ, ઈસ્માઈલ દરબાર, વગેરેના ઈન્ટરવ્યુનું સંકલન કરતી 'કેફીયત' નામની પુસ્તિકામાં અતુલભાઈનો પણ ઈન્ટરવ્યુ પ્રકાશિત થયેલ છે. કહેવાય છે કે સાચા કલાકારની કદર બીજો કલાકાર જ કરી શકે. આ વિધાનને સાર્થક કરતાં રાજકોટ આર્ટીસ્ટ કલબ દ્વારા ' વિશ્વ રંગભૂમિ' દિને તા. ૨૭-૩-૨૦૧૨ના રોજ રાજકોટના હેમુ ગઢવી હોલ ખાતે તેઓને 'રાજકોટ કલારત્ન'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

સાચી લગન, અને ખંતથી કરેલી મહેનત વ્યર્થ જતી નથી તે પૂરવાર કરનાર કલારત્ન અતુલભાઈ અભિનંદનના અધિકારી છે.

## કુ. ધરણી વોરા - રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈમાં પ્રથમ સ્થાને

માંડવીના સ્વ. કાંતિલાલભાઈ તથા શ્રીમતી હેમલતાબેન વોરાનાં પૌત્રી તે વડોદરા સ્થિત શ્રી પ્રકાશ તથા શ્રીમતી પુનિતા વોરાનાં પુત્રી કુ. ધરણી વોરાએ પૂના સ્થિત લાઈફ મોલેકયુલર ડીઝાઈન સ્ટયુટ સોફટવેર કંપની તરફથી યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની હરીફાઈમાં એન્ટી કેન્સર વિષય ઉપર મોલેકયુલર ડીઝાઈનના ઉપયોગ દ્વારા પોસ્ટર પ્રેઝન્ટેશન અને ડીસપ્લે રજૂ કરી પ્રથમ વિજેતા થતાં સર્ટીફીકેટ અને રોકડ પુરસ્કાર મેળવ્યાં આ સ્પર્ધામા ભારતભરમાંથી પી.એચડી. કક્ષાના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોએ ભાગ લીધેલ. અને સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ઉચ્ચ કક્ષાના વૈજ્ઞાનિકો હતા. અભિનંદન.

**જ્ઞાતિના ઇજનેરો...**

## અંકુર વિરેન ધોળકિયા

અંકુર ધોળકિયા (રાજકોટના વિરેન અને કલ્યાણી ધોળકિયાના પુત્ર) તાજેતરમાં જી.ટી.યુ. દ્વારા લેવાયેલ બી.ઈ.(ઈલેકટ્રીકલ)ની પરીક્ષામાં ૮.૪૩ એસપીઆઈ સાથે ઉર્તીણ થઈ એન્જીનીયર થયા. ચિ. અંકુરે અભ્યાસ સાથે વેબ ડીઝાઈનીંગ અને વેબ ડેવલોપીંગના કોર્ષ કરી આ ક્ષેત્રે સારી પ્રગતિ સાધેલ છે. અને વિશેષ આ દિશામાં આગેકૂચ કરવાની મહેચ્છા ધરાવે છે.

ચિ. અંકુર 'કલમ કડછી બરછી'ના સ્થાપક તંત્રી સ્વ.મુ. શાંતીભાઈ ધોળકિયા અને સ્વ. મુ. દિનુબેનના પૌત્ર અને સ્વ. મુ. ઘનશ્યામભાઈ તથા ગં. સ્વ. દમયંતીબેન(દમુબેન) બુચના દોહિત્ર થાય.

અભિનંદન સાથે મનોવાંચ્છિત ઈચ્છા ફળીભૂત થાય તેવી જ્ઞાતિ વતી શુભેચ્છા.

## વંદિત પિનાકીન અંજારીયા



રાજકોટ નિવાસી શ્રીમતી સ્મિતા પિનાકીન અંજારીયાના પુત્ર વંદિત (તે સ્વ. ભાનુબેન શશીકાન્તભાઈ અંજારીયાના પૌત્ર તેમજ સ્વ. અન્નપૂર્ણાબેન ચંપકભાઈ બુચ (ભુજ) ના દોહિત્ર) બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર ખાતેથી ડીસ્ટીંગશન સાથે ઈલેકટ્રોનીકસ એન્જીનીયર થયા. હાલમાં તેઓ રાજકોટની લાભુભાઈ ત્રિવેદી ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી કોલેજમાં આસી. પ્રોફેસર તરીકે જોડાયા. અભિનંદન-શુભેચ્છા.

## તેજ અખિલ વૈષ્ણવ

રાજકોટ સ્થિત અખીલભાઈ વૈષ્ણવ તથા કૃપાલીબેન વૈષ્ણવના પુત્ર તેજ વૈષ્ણવ તાજેતરમાં જી.ટી યુ દ્વારા લેવાયેલ બી.ઈ. (ઈલેકટ્રોનીક્સ એન્ડ કોમ્યુનિકેશન)ની પરીક્ષામાં ૯.૧ એસપીઆઈ સાથે ઉર્તીણ થઈ એન્જીનીયર થયા અને હાલ ઉચ્ચ અભ્યાસ માટેની તૈયારી કરી રહયા છે. ચિ. તેજ પ્રમોદરાય તથા મધુરીકાબેન વૈષ્ણવના પૌત્ર તથા શ્રી મનહરભાઈ વૈષ્ણવ તથા શ્રીમતી નલિની બેન(નલુબેન) વૈષ્ણવના દોહિત્ર થાય. અભિનંદન સહ શુભકામના.

## અમિષા રાણા પી.એચડી. થયાં



જામનગર સ્થિત શ્રી સુભાષભાઈ તથા ભારતીબેન રાણાના પુત્રી શ્રીમતી અમિષાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માંથી "શેર હોલ્ડર્સ વેલ્યુ ક્રીએશન ઈન ધ ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી ઈન ઈન્ડિયા" વિષય પર પી.એચડી.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. તેણી હાલમા જામનગરની જી.એચ. ગોસરાણી (હરિયા) કોમર્સ કોલેજ ખાતે પ્રાધ્યાપિકા તરીકે કાર્યરત છે. શ્રીમતી અમીષા સ્વ. માનભાઈ રાણા તથા સ્વ. પુષ્પાબેન રાણાના પૌત્રી તથા સ્વ. ડો. વૈકુંઠરાય તથા સ્વ. જયમતીબેન ધોળકિયાનાં દોહિત્રી થાય.

## નંદીશ વૈદ્ય - બી.એસ.સી.માં યુનિ. પ્રથમ

વલસાડ સ્થિત શ્રી હીરેન પરિમલભાઈ વૈદ્ય અને બાગેશ્રીબેન વૈદ્યના પુત્ર નંદીશ વિદ્યાનગર સ્થિત સ. પ. યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ટી. વાય. બી.એસ.સી.(ઝૂઓલોજી)ની પરીક્ષામાં યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.

# માંગરોળ ખાતે યોજાય ગયું વ. ના. બ્રા. જ્ઞાતિનું ત્રિદિવસીય સાંસ્કૃતિક મિલન પર્વ

માંગરોળ(સોરઠ)ના મૂળ વતની વડનગરા નાગર બ્રાહ્મણ જ્ઞાતિજનોનું એક ત્રિદિવસીય સાંસ્કૃતિક મિલન પર્વ તા. ૨૫ થી ૨૭ મે, ૨૦૧૨ના રોજ અત્યંત સૌહાર્દપૂર્ણ અને કૌટુંબીક વાતાવરણમાં માંગરોળ ખાતે યોજાઈ ગયું. કાર્યક્રમનો શુભારંભ પ્રથમ દિવસે જ્ઞાતિ પ્રમુખશ્રી રશ્મિભાઈ પાઠક, શ્રી વિરંચીભાઈ શુકલ, શ્રી નરેશભાઈ વોરા, શ્રી મહર્ષિભાઈ પંડયા તથા અન્ય કાર્યકર્તાઓ દ્વારા દિપ પ્રાગટય દ્વારા થયો. કુ. રૂદ્રી જસ્મીનભાઈ પંડયા દ્વારા ગણેશ વંદના નૃત્યની પ્રસ્તુતી કરવામાં આવી. ત્યારબાદ પધારેલ જ્ઞાતિજનો આબાલ વૃધ્ધ ભાઈ-બહેનોએ ફરતા ગરબાનો આનંદ માણ્યો.

આજકાલ ક્રિકેટનું અગત્યનું સ્થાન છે તેથી તેના પ્રત્યે આકર્ષણ જોતાં આ સંમેલનના ભાગરૂપે બીજે દિવસે ઉપસ્થિત જ્ઞાતિજનો માટે એક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયેલ. માંગરોળના એક માત્ર કોરોનેશન હાઈસ્કૂલના મેદાન પર યુવાનોના થનગનાટ તથા ક્રિકેટ પ્રેમીઓના ઉત્સાહ સાથે ૧૬-૧૬ ઓવરની ટુર્નામેન્ટ યોજવામાં આવેલ. જેમાં અમદાવાદની ટીમ વિજેતા થઈ હતી. ઈનામો શીલ્ડ એનાયત કરવામાં આવેલ. સમગ્ર ટુર્નામેન્ટનું અમ્પાયરીંગ શ્રી શાર્દુલભાઈ શુકલ તથા ચિરાગભાઈ પંડયાએ કર્યું હતું.

ક્રિકેટના આનંદ બાદ સર્વે જ્ઞાતિજનો લંગા-ઢોલ શરણાઈના શાસ્ત્રીય સૂરો સાથે નાચગાન કરતા શોભાયાત્રાના રૂપે આશરે એક કિલોમીટર દુર નાગરવાડામાં આવેલ પ્રાચીન હાટકેશ મંદિર જવા પ્રસ્થાન કરેલ. રસ્તામાં ઐતિહાસિક રણછોડરાયજી ભગવાનનું પ્રાગટય થયેલ તે ગોમતી વાવ પાસેથી પસાર થઈ હાટકેશ્વર મંદિર પહોંચેલ. હાટકેશ્વર મંદિરના ચોકમાં સંધ્યા મહાઆરતીનું આયોજન કરેલ, જયાં આખું હાટકેશ્વર મંદિર રોશનીથી શણગારવામાં આવેલ. જ્ઞાતિના સાજિંદાઓ આરતી દરમિયાન ઢોલ-પખવાજ વિગેરે સાથે આરતીમાં જોડાયા. ચોકમાં માનવ મહેરામણ, દરેકના હાથમાં પ્રજવલિત મીણબતી સાથે આરતીમાં સામેલ થયાં. સૌ કોઈ માટે આ એક રોમાંચક અને અદ્‌ભુત અનુભવ હતો.

રાત્રિ ભોજન બાદ સૂર સંધ્યાનો સંયુકત કાર્યક્રમ યોજવામાં આવેલ. સંગીતના ગાયન વાદનમાં ત્રણ ગૃપ રાખવામાં આવેલ અને નૃત્યમાં બે કલાકારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગૃપ -૧ માં સ્વ. વસુલતાબેન ઘનશ્યામલાલ વોરાના પુત્રો-પૌત્રો તેમજ પુત્રવધૂઓનાં એક જ પરિવારના સભ્યોનાં ગ્રુપ હતું, જેનું સંચાલન કુટુંબના મોભી શ્રી યોગેન્દ્રભાઈ વોરાએ સંભાળેલું હતું. ગૃપ-૨ માં શ્રી વિપુલ આચાર્ય, શ્રીમતી નિહારીકા આચાર્ય ના યુગલ સાથે કુ. સ્વાતી પાઠક તેમજ દીપમાલા પાઠકે તેમની શ્રેષ્ઠ કલા પીરસી. ગૃપ-૩ માં વડોદરાના ખ્યાતનામ કલાકારો શ્રી દીપેશ વોરા તથા શ્રીમતી હેમાલી વોરાએ ડાયરાની જમાવટ કરી. બે ગૃપના કાર્યક્રમ વચ્ચે શ્રીમતી નિરાલી પંડયાએ શિવનું કથ્થક નૃત્ય તથા શ્રી ઓદાર્ય વોરાએ બ્રેક ડાન્સ રજૂ કર્યો. ઉપરોકત ત્રણેય ગૃપના સાજિંદાઓ બંસરી પર શ્રી યોગેન્દ્રભાઈ વોરા તથા શ્રી ભૂષણ પાઠક, તબલા સંગતમા શ્રી કલાપી પાઠક, શ્રી જલય પાઠક, શ્રી નૃપેશ તથા નૈમિષ વોરા વિગેરે કલાકરો હતા. સમગ્ર સૂરસંધ્યાનું સંચાલન ખ્યાતનામ ટી.વી. હાસ્ય કલાકાર શ્રી મિલનભાઈ ત્રિવેદી અને શ્રીમતિ વિરાજબેન વોરા દ્વારા કરવામાં આવેલ.

જ્ઞાતિના સાંસ્કૃતિક મિલનના ત્રીજા દિવસના સુપ્રભાતે મંગલાચરણ શ્રી ભૂષણ પાઠકના બંસરીવાદન તથા જલય પાઠકના તબલાવાદનની જુગલબંધીથી અંતિમ તબકકા તરફ આગળ વધ્યા.

આ આયોજનના મુખ્ય ઉદેશોમાં એક મહત્વનો ઉદેશ વડીલોનું સન્માન કરવાનો હતો...જેમાં ૭૫ વર્ષ થી ઉપરની વયના વડીલોનું તથા ૫૦ વર્ષનું અખંડ દાંમ્પત્ય જીવન ભોગવી ચુકેલા હયાત વડીલોનું શાલ-ઓઢાડી તેમજ મોંમેંટો આપી સન્માન કરવામા આવ્યું. આ વડીલ વંદના કાર્યક્રમમાં શ્રી પુંડરીકભાઈ આચાર્ય(ઉ.વ. ૯૨) તથા શ્રી માર્કન્ડભાઈ શુકલ(ઉ.વ.૯૧) યુગલ દંપતિ સાથે પધારેલ તથા બીજી નોંધપાત્ર બાબત એ હતી કે આ સન્માનમાં પિતા-પુત્રીનું એક જ સમારંભમાં સાથે સન્માન થયું તેવા પિતાશ્રી પુંડરીકભાઈ આચાર્ય અને પુત્રી શ્રી ઘર્મિષ્ઠાબેન(ધીમુબેન) શશીકાન્ત પાઠક સામેલ હતાં. આ સમારંભમાં કુલ ૩૬ યુગલોનું સન્માન કરવામાં આવ્યું. આ ઉપરાંત જ્ઞાતિના સર્વપ્રથમ ચાર્ટડ એકાઉન્ટન્ટ થનાર બે યુવાનો કુ. નિધિ વિશ્વેન્દુભાઈ ત્રિવેદી તથા શ્રી પ્રાંજલ દીપકભાઈ પાઠકનું પણ બહુમાન કરવામાં આવ્યુંહતું.

ઉપરોકત બંન્ને સમારંભોનું રસાળ શૈલીમાં સંચાલન એડવોકેટ શ્રી મહર્ષિભાઈ પંડયાએ કર્યુ હતું. શ્રી અનિલભાઈ વોરાએ પ્રાસંગિક સંબોધનમાં વડીલોને દીર્ઘાયુષ્ય પ્રાર્થી, સમસ્ત જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે હાટકેશ્વરદાદાને પ્રાર્થના સાથે દરેક કાર્યકર્તા મિત્રો પ્રત્યે આભાર વ્યકત કર્યો.

આ કાર્યક્રમમાં દરેક જ્ઞાતિજનોએ રજીસ્ટ્રેશન કરાવી, જ્ઞાતિની ડીરેકટરી તૈયાર કરવા માટે કુટુંબની સંપૂર્ણ માહિતી આપી, સ્વયંભુ સ્વૈચ્છિક આર્થિક યોગદાનમાં પણ ઉત્કૃષ્ટ સહકાર આપ્યો હતો. સમગ્ર આયોજનને અનુલક્ષીનેકરવામાં આવેલ રસોડા વિભાગનું સંચાલન કોઈપણ કાર્યક્રમ માણ્યા વગર શ્રી પ્રબોધભાઈ શુકલએ સંભાળી જ્ઞાતિ પ્રત્યેની સમર્પણ ભાવના દર્શાવી હતી.સ્થાનિક ભાઈઓ-બહેનો નો પણ સુંદર સહકાર મળ્યો હતો. મહાભોજનના અંતે ભાવવિભોર વાતાવરણમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવા આ મેળાવડો સંપન્ન થયો હતો.

## કુ. ધરા ઓઝાએ ગોલ્ડમેડલ મેળવ્યો



ભરૂચ સ્થિત અંબરીષભાઈ રસીકલાલ ઓઝાનાં પુત્રી કુ. ધરા ઓઝા તાજેતરમાં લેવાયેલ કેમીકલ એન્જીનીયરીંગની પરીક્ષામાં ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ થતાં ડીડીઆઈટી-નડીયાદના પદવીદાન સમારંભમાં ગોલ્ડમેડલ તથા રૂા. ૧૧ હજારનો રોકડ પુરસ્કાર એનાયત થયા.

## મૃણ્મય બુચની આઈબી ઓફીસર તરીકે પસંદગી



જૂનાગઢના ચિ. મૃણ્મય બુચ( સ્વ. સુરેશભાઈ તથા શ્રીમતી હર્ષવીણાબેનના પુત્ર જસ્ટીસ શ્રી દીનેશચંદ્ર પ્રવીણરાય બુચ તથા કુ. મીનાક્ષીબેન બુચના ભત્રીજા તેમજ મુ. માતુશ્રી કેનાબેન જયેન્દ્રભાઈ છાયાના દોહિત્ર) ઈન્ટેલીજન્સ બ્યુરો ગૃહ મંત્રાલય ભારત સરકાર માં ઓફીસર તરીકે પસંદગી પામી ૧-૬-૨૦૧૨ થી પુરી(મ.પ્ર.) ખાતે 'ઈન સર્વિસ ટ્રેનીંગ'માં જોડાયા. અભિનંદન.

**શુભ લગ્ન :**

- રાજકોટના મૈલેશ તથા રક્ષાબેન બક્ષીના પુત્ર રક્ષિતના લગ્ન ગોંડલ સ્થિત અશ્વિનભાઈ તથા પ્રીતિબેન અધ્વર્યુનાં પુત્રી શ્રુતિ સાથે. - ગાંધીનગર સ્થિત અવિનાશ બુચનાં પુત્રી હિતાક્ષીનાં લગ્ન અમદાવાદ સ્થિત નૈષધભાઈ પંડયાના પુત્ર પૂર્વાક સાથે. - જામનગર સ્થિત નિમિતા યદુનંદનભાઈ બુચનાં લગ્ન મધુકાન્તભાઈ છાયાના પુત્ર અભય સાથે.

# ❄ ❄ ❄ સમાચાર સંચય ❄ ❄ ❄

❄ **રાજકોટ :** શ્રી સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટની યાદી જણાવે છે કે જ્ઞાતિના રાજકોટના સ્થાનિક વિદ્યાર્થીઓને દર વર્ષ મુજબ પારિતોષીક આપવામાં આવનાર છે. લોઅર કે.જી. થી ધો.૧૨ સુધીની પરીક્ષામાં ૮૦% સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને તેમજ માનસિક ક્ષતિ ધરાવતા દરેક વિદ્યાર્થીઓને (ટકાબાધ વગર) પોતાના નામ સરનામા ફોન નંબર સાથે માર્કશીટની ઝેરોક્ષ શ્રી એચ. કે. મારૂ 'ભકિત' ૫૧ એસ્ટ્રોન સોસાયટી,ફોન : ૨૫૮૪૮૫૨, શ્રી એન. જે. વૈદ્ય, 'કૃતિ' ૧૧ સુભાષનગર ફોન : ૨૪૭૩૬૮૨ અથવા શ્રીમતી કામિનીબેન ઝાલા, કર્મયોગ, રિધ્ધિસિધ્ધિ પાર્ક, રૈયા રોડ, રાજકોટને તા. ૧૫/૯/૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

❄ અ. ભા. ના. પરિષદની યાદી જણાવે છે કે સંસ્થા તરફથી સૌરાષ્ટ્ર કચ્છ માંથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને નીચે પ્રમાણે શિષ્યવૃત્તિઓ આપવામાં આવે છે... વર્ષ ૨૦૧૨માં ધો. ૧૨માં મેડીકલ/એન્જીનીયરીંગમાં પ્રવેશ મેળવેલ તેમજ સી.એ./એમ.બી.એ. કોમ્પ્યુટર ડિગ્રી/ડિપ્લોમામાં પ્રવેશ મેળવનાર બહેનોને, અંગ્રેજી વિષય અને એન્જી.માં સ્નાતક થયેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને તેમજ પેરામેડીકલ-બી.એસસી, એમ.એસસી. માઈક્રોબાયોલોજી, ડીએમએલટી, ફિઝીયોથેરાપી કરેલ વિદ્યાર્થીઓને. આ શિષ્યવૃત્તિ માટેના ફોર્મ શ્રી જે. ટી. બક્ષી, સદ્‌ગુરૂ કોમ્પલેક્ષ, રૈયા રોડ, (મો. ૯૮૨૫૨ ૬૮૩૯૦) ખાતેથી તા. ૩૧-૮-૧૨ સુધીમાં મેળવી લેવાના રહેશે.

❄ અત્રેના જાણીતા દાંતના ડોકટર ઋષિકેશ બુચે નવાં સરનામે (પ્રતિભા બીલ્ડીંગ, મોટી ટાંકી ચોક) અદ્યતન સુવિધા સજ્જ કલીનીકનું સ્થાનાંતર કર્યું.

❄ સચિન પ્રદ્યુમ્નભાઈ હાથી પૂજારા ટેલીકોમ કંપની તરફથી બેંગકોક, થાઈલેન્ડના પ્રવાસે જઈ આવ્યા.

❄ સાઈટ ઉપર લોનની માહિતી આપી શકે તેવી વ્યકિતની જરૂર છે...સંપર્ક : ૯૩૨૮૦ ૦૯૫૭૦

❄ કુ. પ્રિયા વિતેશ વસાવડા આઈસીઆઈસીઆઈ બેંકમાં જુનિયર ઓફીસર તરીકે જોડાયાં.

❄ શ્રી કચ્છ નાગર પરિવારના ઉપક્રમે અષાઢી બીજ કચ્છી નૂતન વર્ષ નિમિત્તે તા. ૨૬/૬ના રોજ નાગર બોર્ડીંગ ખાતે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ. જેમાં અધ્યક્ષશ્રી મકરંદભાઈ વોરાએ નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી ત્યારબાદ સચિવશ્રી વિભાકર અંજારીયાએ શુભેચ્છા પાઠવી આગામી કાર્યક્રમોના આયોજની માહિતી આપી હતી.બહોળી સંખ્યામાં કચ્છી બંધુઓએ હાજર રહી પરસ્પર નવાં વર્ષની શુભેચ્છાના આદાનપ્રદાનને અંતે છોલેપુરી-આઈસ્ક્રીમને ન્યાય આપી સૌ છૂટા પડેલ.

❄ અત્રેના શ્રી મનહરભાઈ વૈશ્નવનો સ્વરચિત ભાવાત્મક ભજનો અને ગીતોનો ૨૨૦ પાનાનો સંગ્રહ 'મનદર્શન' પ્રસિધ્ધ થયો. જેનું મૂલ્ય : રૂા. ૧૦૦ (પોસ્ટલ ખર્ચ સાથે) રાખેલ છે. જે 'મનન' ઈન્કમટેક્ષ સોસાયટી, એરોડ્રામ પાસે, (ફોન : ૨૪૫૫૧૩૮) ખાતેથી તથા જામનગર-શ્રી પુષ્પેન્દ્ર છાયા-૯૮૨૭૫૧૦૬૯૯, જૂનાગઢ-શ્રી ભરત વૈશ્નવ - ૨૬૩૨૦૬૫ પાસેથી મેળવી શકાશે.

❄ શ્રી હિમેન અનીરૂધ્ધભાઈ મહેતા પ્રોવીડન્ટ ફંડ રાજકોટ ખાતેથી તા. ૩૦/૬ના રોજ ૩૬ વર્ષની સંનિષ્ટ ફરજ બજાવી નિવૃત થતાં કમીશનર દ્વારા શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું.

❄ કુ. પારૂલ જસ્મીનભાઈ દેસાઈ લાયન્સ કલબ રાજકોટ (ડીસ્ટ્રીકટ ૩૨૩ જે) ના વર્ષ ૨૦૧૨-૧૩ માટે લાયોનેસ કો. ચેરપર્સન તરીકે નિમાયાં.

❊ કુ. કોમલ મનહરભાઈ વૈષ્ણવ લાયોનેસ કલબ રાજકોટ મેઈન (લાયન્સ ડીસ્ટ્રીકટ ૩૨૩ જે)ના પ્રથમ વાઈસ પ્રેસીડન્ટ તરીકે નિમાયાં. તા ૨૩-૬ તથા ૭-૭ ના લાયન્સ /લાયોનેસ કલબ મેઈનના શપથગ્રહણ સમારંભના કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યું. તેમને લાયન્સ કલબ દ્વારા મેમેન્ટો આપી નવાજવામાં આવ્યાં.

❊ **જામનગર :** ધી જામનગર લેડીઝ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં વર્ષ ૨૦૧૨ના સેક્રેટરી તરીકે સોનલ મુકેશ નાણાવટીની વરણી કરવામાં આવી.

❊ શ્રી જ્યોતિન્દ્રભાઇ પ્રહલાદરાય રીંડાણીને નિવાસસ્થાને ૧૦૮ લાડુનો ગણેશ હવન કરતાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી.

❊ શ્રી મહિલા મંડળ દ્વારા સોનલ મનોજ નાણાવટીના માર્ગદર્શન હેઠળ 'વિસરાતી જતી નાગરી વાનગી હરીફાઈનું આયોજન કરતાં બહોળી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ હરીફાઈની વિશેષતા એ હતી કે નિર્ણાયક સાથે 'લાઈવ કુકીંગ' કરવાનું હતું. નિર્ણાયક તરીકે હર્ષાબેન ધોળકિયા તથા સરલાબેન માંકડે સેવા આપી હતી. મોતીયા લાડુ, ચોખાની લાપસી, ફાડાની લાપસી, મીઠોભાત, દૂધીયો બાજરો, ચોંટીયા લાડુ (૫૦ ઉપરનાને મોઢાંમાં પાણી આવી ગયાંને...?!)જેવી વાનગીઓ બનાવેલ આજની ૨૧મી સદીમાં આપણે રસોડે આવી વાનગીઓ વિસરાતી જાય છે ત્યારે તેને જીવંત રાખવાનો / કરવાનો અમારો પ્રયાસ હતો. જેને સૌએ બીરદાવેલ.

❊ **જૂનાગઢ :** જ્ઞાતિજનોના સહકારથી નાગર ફ્રેન્ડસ કલબ દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી અવિરત ગિરનાર પર્વત ઉપર મફત પાણીનું પરબ હાટકેશ્વર મંદીર ખાતે છાશ કેન્દ્ર જેવી વિવિધ પ્રવૃતિઓ સાથે દર વર્ષ મુજબ ચાલુ સાલે જ્ઞાતિના ૩૦૦ જેટલા બાળકોને રાહત ભાવે નોટબુક લેજર્સ, સ્કુલબેગ, વોટરબેગ વિતરણ સંસ્થાના સ્થાપક પ્રમુખ જ્ઞાતિ કાર્યકર બરછી પ્રતિનિધિ શ્રી નીરજભાઈ વૈષ્ણવના નિવાસ્થાને તા. ૧૧-૬ થી ૧૬-૬ દરમિયાન કરવામાં આવ્યું હતું. આજના કપરા કાળમાં માત્ર રૂા. ૩મા નોટબુક ,રૂા ૪માં ચોપડા, રૂા ૭૦મા સ્કુલબેગ, રૂા ૧૦માં વોટરબેગનું વિતરણ કરાતા વિદ્યાર્થીઓએ પુરો લાભ ઉઠાવેલ. દરેક શહેરમાં કરી શકાય તેવી આ અનુકરણીય પ્રવૃતિને બિરદાવીએ.

❊ શ્રી સુધીર કિકાણી તથા શ્રીમતી મધુરીકાબને કીકાણી કેન્યાના પ્રવાસે જઈ આવ્યા.

❊ નયના નરેશ ઘોડા તથા હેમા ભવદીપ માંકડ ચારધામની યાત્રા કરી આવ્યા.

❊ શ્રીમતી કૈરવી નીલય બુચ એસેન્સીયર કાં.માં પૂના ખાતે આઈ.ટી. એન્જીનયર તરીકે જોડાયા.

❊ બરછી પ્રતિનિધિ શ્રી મયુર આઈ. દેસાઈ દ્વારા મહમ્મદ રફીની પુણ્યતિથિ નિમિત્તે તેમનાં યાદગાર ગીતોને મોટા પડદે જોવાનો કાર્યક્રમ તા. ૨૯-૭ રવિારના રોજ યોજાયેલ. શોખીનો માટે કલબ બનાવવાનો વિચાર છે સંપર્ક ૯૪૨૯૧૬૦૧૦૬

❊ **ભાવનગર :** શ્રીમતી દિવ્યાંગનાબેન સંજયભાઈ દેસાઈ અત્રે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં દીર્ઘકાલીન ફરજ બજાવી નિવૃત થતાં ડી.જી.એમ.ની ઉપસ્થિતિમાં સમગ્ર કર્મચારીગણ તરફથી સન્માન કરી ભાવભર્યું વિદાયમાન આપવામાં આવ્યું હતું.

❊ અનેક જ્ઞાતિ સામાજીક સંસ્થાઓ સાથે ૯૦ વર્ષની જૈફ વયે પણ સંકળાયેલા શ્રી હરકાન્તભાઈ દેસાઈ દિલ્હી સ્થિત રાષ્ટ્રીય નાગર બ્રાહ્મણ પ્રતિષ્ઠાન સલાહકાર સમિતિમાં નિયુકત થયા.

❊ અત્રેના પરિમલ આર. મહેતા સહપરિવાર નેપાળ, પશુપતિનાથ, પોંખરાની યાત્રા પ્રવાસે જઈ આવ્યા.

❊ **અમદાવાદ :** કંદર્પભાઈ જયવંતભાઈ બુચ સપરિવાર મસુરી, નૈનિતાલના પ્રવાસે જઈ આવ્યા.

૩૦ જાન્યુ. ૨૦૧૨

❄ કુ. ચાર્મી કંદર્પભાઈ બુચ એલ. જે. કોલેજમાં આસી. પ્રોફેસર તરીકે જોડાયાં.

❄ સૌ. ભાવના અને યોગેશ કિશોરભાઈ દેસાઈના પુત્ર ભવન કેલીફોર્નીયા–યુએસએ. ખાતે કોલકોમ (એમએનસી) કંપનીમાં એન્જીનીયર તરીકે જોડાયા.

❄ કુ . શિરાલી જીતેષ દેસાઈ વિદ્યાનગર ખાતેથી બી.ટેક. (આઈટી)માં ઉર્તીણ થઈ પુના ખાતે એસ ઝેડ એસોશીએટસમાં જોડાયાં.

❄ વિરાજ દોલતકુમાર બક્ષી નિરમા યુની.માંથી બી. ટેક.(કેમ)માં ઉતીર્ણ થઈ જામનગર ખાતે રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં જોડાયા.

❄ અત્રેના દુષ્યંતભાઈ રીંડાણીની યાદી જણાવે છે કે અત્રેના જ્ઞાતિબંધુઓને માંદગી દરમિયાન ઉપયોગી સાધનો જેવા કે સીંગલ ફાઉલર બેડ, ઈલેકટ્રીકટ વાઈબ્રેટર, નેબ્યુલાઈઝર, પગના સોજા માટે ખાસ મોજા, ગરમ–ઠંડા પાણીના શેક કરવાની કોથળી, આઈસ બેગ, બેડપેન, યુરીનપોટ વિગેરે સાધનો વિના ઉપયોગ માટે મળી શકશે. તેમજ જરૂરીયાતમંદ કેન્સરના દર્દીઓ માટે સ્ટાન્ડર્ડ કંપનીની લાઈફ સેવીંગ દવાઓ રાહત દરે મેળવી આપવા અથવા તે માટે આર્થિક સહયોગ આપવા તથા ઓકસીજન માટે આવશ્યક વ્યવસ્થા કરવા પણ અમારો સહયોગ રહેશે.જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને મોબાઈલ નંબર ૯૬૬૨૫૦૧૦૨૩ અથવા ૯૨૨૭૨૧૯૩૨૦નો સંપર્ક કરવા વિનંતી.

❄ શ્રી કચ્છી નાગર મંડળ વડોદરા દ્વારા તેના અનુદાતાઓના અનુદાનના વ્યાજમાંથી શૈક્ષણિક ઈનામો માટે શ્રી કચ્છી નાગર /નાગર બ્રામણ પરીવારના ફકત વડોદરા સ્થિત ધો ૧૦ અને ૧૨ના બંન્ને પ્રવાહોના વિદ્યાર્થીઓ પાસેથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨માં લેવાયેલી વાર્ષિક કસોટીના ગુણપત્રકની નકલ મંત્રીશ્રી જગદીશભાઈ. બી. માંકડ, ૩૧ વૃજધામ સોસાયટી, અક્ષર ચોક, જુના પાદરા રોડ, વડોદરાને તા ૩૧–૮–૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

❄ સ્વ. શ્રી મનસુખલાલ મગનલાલ અંતાણી સ્મારક ફંડ , ડો. છબીલદાસ સોમજી ધોળકિયા સ્મારક તથા શ્રીમતી ઈન્દુબેન છબીલદાસ ધોળકિયા સ્મારક તરફથી ફકત વડોદરા સ્થિત કચ્છી નાગર /નાગર બ્રાહ્મણ પરિવારના ધો. ૧ થી ૧૦ તથા ધો. ૧૨ના બંન્ને પ્રવાહના બાળકોની શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨માં લેવાયેલી વાર્ષિક પરીક્ષાના ગુણપત્રની નકલ તા. ૧૫–૮–૨૦૧૨ પહેલા શ્રી દુષ્યંત એમ અંતાણી, શ્રમદીપ ૧૪ એ/ ભવાની સોસાયટી, પાણીની ટાંકી સામે, કારેલી બાગ વડોદરા–૩૯૦ ૦૨૨ ખાતે મોકલી આપવી.

❄ સ્વ. શ્રીમતી સંતોકબેન મોહનલાલ સ્વાદિયા ટ્રસ્ટ , વડોદરા સ્થિત કચ્છી નાગર /નાગર બ્રાહ્મણ પરિવાર અથવા વડોદરામાં રહી અભ્યાસ કરતા કચ્છી નાગર /નાગર બ્રાહ્મણ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨માં ડિગ્રી ,પોસ્ટ ગ્રેજયુએશન અથવા તેની સમકક્ષ સી.એ.–સી.એસ.–એમબીએ જેવી પદવી સરકાર માન્ય સંસ્થામાંથી મેળવેલ હોય તેઓએ તેમની માર્કશીટની નકલ તા. ૧૫–૮–૨૦૧૨ પહેલાં શ્રી દુષ્યંત એમ. અંતાણી, શ્રમદીપ ૧૪ એ, ભવાની સોસાયટી, પાણીની ટાંકી સામે, કારેલી બાગ વડોદરા–૩૯૦ ૦૨૨ ખાતે મોકલી આપવી.

❄ **મુંબઈ :** વ્યવસાય સાથે જ્ઞાતિ સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલાં શ્રી વ. ના.મંડળનાં ભૂતપુર્વ પ્રમુખ, બરછી પ્રતિનિધિ શ્રીમતી વિશાખાબેન પોટા દિલ્હી સ્થિત રાષ્ટ્રીય નાગર બ્રાહ્મણ પ્રતિષ્ઠાનની કારોબારી સમિતિમાં ઉપપ્રમુખ અને મહિલા પ્રકોષ્ટના અધ્યક્ષા પદે નિયુકત કરવામાં આવ્યાં.

❄ **જોધપુર :** રાજીવ ઉષાકાંત હાથીનું ૫૫ વર્ષની વયે અવસાન.

# --- પરીક્ષાના પરિણામો ---

**ધો. ૧૦**

રજત મનીષ ભગત ૯૪% મુંબઈ
શ્રેયા રાજીવ ધોળકિયા ૯૫% વડોદરા
(શાળા પ્રથમ)
દર્શ જયમીન નાણાવટી ૮૩% વડોદરા
વ્યોમ જયોતિન વસાવડા ૯૨% રાજકોટ
નમ્રતા રાજીવ વૈશ્નવ ૮૪% રાજકોટ
વૈશાખી અમીત માંકડ ૭૪% રાજકોટ
શ્વરા ઉજજવલ વૈશ્નવ ૯૪% અંકલેશ્વર
માનસી સંદીપ છાયા ૮૮% અમદાવાદ
નંદીશ ઉત્સવ ધોળકિયા ૭૪% અમદાવાદ
અભિનવ રીતેન અંતાણી ૯૧ % ભુજ
યેશા હેમાંગ બુચ(CBSE) ૮૦% સુરત

**ધો. ૧૨**

શિવાની અંબરીષ મહેતા ૯૩% ભાવનગર
ચિરાયુષ વિશ્વેશ ભગત ૭૩% અમદાવાદ
મિહિર કૈશીકકુમાર છાયા ૮૭% રાજકોટ
( AIEEE માં ૧૫૪માં રેન્ક સાથે ઉર્તીણ)
વેદાંત વિહંગ વોરા ૭૭% જુનાગઢ
માર્ગી દેવલ બુચ ૯૧% જુનાગઢ
કિંજલ નીલેશ હાથી ૭૮% મુંબઈ

**એસ. વાય. બી. કોમ.**

ક્રિશ્ના તુષાર બુચ ૭૧% અમદાવાદ
પ્રણામી અશોક અંજારીયા દ્વિતીય વર્ગ વડોદરા

**બી. એ.**

કુ. આસ્થા મહેશભાઈ બુચ દ્વિતીય વર્ગ જુનાગઢ
નૈયા હર્ષિત જોષીપુરા દ્વિતીય વર્ગ જૂનાગઢ
કુ. મિતાલી રાજેશભાઈ છાયા પ્રથમ વર્ગ રાજકોટ

**બી. કોમ.**

મેઘલ અજયભાઈ વૈશ્નવ ડીસ્ટીં. રાજકોટ
આરતી હિતેષભાઈ પોટા ૭૦% પોરબંદર
હેલી જનાર્દન ધોળકિયા સેમ.૪ ૭૧% જૂનાગઢ

**બી. ફાર્મ**

અપેક્ષા શરદભાઈ ઝાલા ૭૬% આદીપુર

**એમ.એસ.સી. (બાયોટેક)**

બાગેશ્રી જયેશભાઈ ઝાલા ૭૪% જામનગર

**એમ. એસસી. (આઈ ટી)**

કુ. પ્રિયંકા નીરૂપમભાઈ વૈષ્ણવ ૮૯% જુનાગઢ

**એમ.ઇ. (સી.ઇ)** ( એ ગ્રેડ )

કિન્નરી અજયભાઈ વૈશ્નવ પ્રથમ સેમ. રાજકોટ

**બી. ઈ. (સીઈ)**

પૂજા અંશુમાન વૈષ્ણવ ૮૮% રાજકોટ

**બી. ઇ. (કેમીકલ)**

કુ. કીંજલ નિશેન્દુ વૈદ્ય ૮૩% ભુજ
(કોલેજમાં પ્રથમ, યુની. ૪ સ્થાને)

**બી. ઇ. (સીવીલ)**

દીપ કલાપી દેસાઈ ડીસ્ટીં. અમદાવાદ

**ઓરેકલ**

હેત કલાપી દેસાઈ ૯૩% અમદાવાદ

**<u>જોઈએ છે : વડનગરા નાગર બ્રાહ્મણ યુવકને કન્યા...</u>**

બી. ઈ. (ઈન્સ્ટ્રુમેન્ટ)

જન્મ : ૩/૧૯૮૬

ઉંચાઈ : ૫'.૪"

એમએનસી કંપનીમાં નોકરી કરતા માંગલિક યુવકને કન્યા.

સંપર્ક :
૯૪૨૭૦૫૪૬૮૧ /
૯૯૨૫૦૧૪૨૩૬

ૐ નમઃ શિવાય

## સગપણ-સગાઈ :

- ડો. અનીલરાય ધનસુખરાય નાણાવટીનાં પુત્રી ડો. ભૂમિનું સગપણ મુંબઈ નિવાસી શ્રી જીતેન્દ્રભાઈ જયંતિલાલ જોષીપુરાના પુત્ર ફાલ્ગુન સાથે.
- શ્રીમતી મીનાક્ષી - દુષ્યંતભાઈ માંકડનાં પુત્રી શ્રધ્ધાનું સગપણ વણાકબોરી સ્થિત આશાબેન હરેશભાઈ ધોળકિયાના પુત્ર દર્શીત સાથે.
- રાજકોટનાં શ્રીમતી કલ્યાણી-કુલીનભાઈ માંકડનાં પુત્રી ઋત્વીનું સગપણ રાજકોટના શ્રીમતી ભક્તિબેન મુકેશભાઈ વસાવડાના પુત્ર તેજસ સાથે.
- દિવ્યાંશુ કાન્તીલાલ ઝાલાનાં સુપુત્રી આનલનું સગપણ અમદાવાદ સ્થિત ડો. વ્રજેશભાઈ અંબરીષભાઈ છાયાના પુત્ર કૌશલ સાથે.
- જામનગર નિવાસી શરદરાય અજીતરાય છાયાના પુત્ર પાર્થેસનું સગપણ જુનાગઢ નિવાસી પરીક્ષીતભાઈ એચ. શુકલના પુત્રી ફોરમ સાથે.
- ભાવનગર સ્થિત દીપક શશીકાન્ત ઓઝાનાં પુત્રી શૈલીનું સગપણ અમદાવાદ સ્થિત શૈલેષભાઈ દિવ્યકાન્તભાઈ વસાવડાના પુત્ર પ્રતીક સાથે.
- આદીપુર સ્થિત મહેક પ્રકાશભાઈ છાયાનું સગપણ રાજકોટ સ્થિત જાન્હવી અભયભાઈ ઢેબર સાથે.

## 'મા તે મા'


(રાજકોટના વડીલ મુ. અજીતભાઈએ નીચેની વાત તેમનાં માતુશ્રીને પૂણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલિ સ્વરૂપે બરછીને. મોકલેલ છે, જો કે અમે તેને જે તે સમયમાં લોકો ટાંચા સાધનો છતાં કેવા વ્યવહારૂ ઉકેલ શોધીને ખુમારી ભેર, આનંદથી જીવન જીવી જાણતા તેવા પ્રેરક ઉદેશથી રજૂ કરેલ છે. -તંત્રી.)

તાર ઓફીસમાં નોકરી દરમિયાન મારે ૧૯૫૨-૫૩માં ટેલીગ્રાફ ટ્રેનીંગમાં પૂના જવાનું થયું જુલાઈ -૫૨ થી જુન ૫૩ પુરૂં એક વર્ષ પૂનામાં. મને વિચાર આવ્યો મારો પરીવાર પૂના જેવું રંગીલુ ને હરીયાળું શહેર કયારે જુએ? બુગદાંઓમાં અને ટેકરીઓમાં પસાર થતી ટ્રેન એ વખતે એ ભવ્યતા મને ઓર લાગી હતી. અને મારા પરીવારને મે પૂના બોલાવ્યાં. એક મહીના માટે મારાં માતુશ્રી , પત્ની, ભાઈ ભાભી આવ્યાં. મારી બુધ્ધિ અપરીપકવ. તપેલી સાણસી ગરણી ચા ખાંડ વીગેરે હતાં. સગડી કોલસા, લોટ, શાક, ઘરમાં રાખેલા. પરંતુ એ ન સુઝયું કે રસોઈ કેમ થશે? મારાં માતુશ્રીએ લીસ્ટ કર્યું એ પ્રમાણે અમારા એક સંબંધી જયાબેન અંતાણીને ત્યાં (૩ કી.મી દૂર) વાસણો લેવા હું ને મારી પત્ની ગયાં. બે-ત્રણ કલાકે પાછાં આવ્યાં ત્યારે મારા માતુશ્રી અને ભાભીએ શાક થેપલા તૈયાર રાખેલાં. અમે બંન્ને સ્તબ્ધ થઈ ગયાં, રસોઈ કેમ થઈ ? ચકલો વેલણ કયાંથી આવ્યાં ? અજાણ પડોશી, ભાષા ન સમજે... તેલ અને રસોઈનો માલ કોણે આપ્યો? મારાં પૂ. મામી વડોદરામાં હતાં તેમણે ટીફીનનું એક ખાનું ભરીને તેલમાં ડૂબડૂબેલ અથાણું આપેલું તેમાંથી તેલ તારવી લીધું .મારા ભાભીને કહયું " કમ્પાઉન્ડમાં જોવો જોઈએ? છીપર મળશે" અને આશ્ચર્ય - એક સરસ છીપર અને એક પાઈપ જેવો સળિયો મળી ગયાં આ થયાં ચકલો -વેલણ. ટીફીનના ઢાંકણામાં ધીમા તાપે થેપલા પકવ્યાં, ટીફીન ખાનામાં શાક તૈયાર..! કમ્પાઉન્ડમાં દૂધવાળા પાસેથી દૂધ લીધું અને અમને સૌને પેટ પુર જમાડયાં. અનેક સારા માઠા પ્રસંગોમાં ચાર ભાંડરૂઓને ઉછેરનાર એવાં હતાં અમારા 'મા'. સૌથી નાનો હું પાંચ વર્ષ અને મોટાભાઈ ૧૮ વર્ષના થયા ત્યારે મારા પિતાશ્રી ૪૨ વર્ષે અવસાન પામ્યા,ઓશીયાળું જીવન જીવ્યાં નથી અને ઓશીયાળા ન થવાની શિખામણ પણ આપી હતી. પોતાના અવસાન માટે ગંગાજળ, દર્ભ, સુખડ ,ચાંદીની ચાર આની એક સાડલો (ગંગાજળમાં પાવન કરેલો) જયાં જાય ત્યાં આ બધું સાથે હોય.

મા તારું માર્ગદર્શન ઝંખુ છુ. તમને કોટી કોટી વંદન. - અજીત હ. જોષીપુરા, રાજકોટ

<u>નરબંકા નાગરો...</u>

# પુરાતત્વ નિષ્ણાત નાગર-રત્ન ભગવાનલાલ ઈન્દ્રજી



ભગવાનલાલ ઈન્દ્રજીના નામથી આજે કયો નાગર પરિચિત હશે ? એના બહુમૂલ્ય કામની જાણકારી તો વિરલ. આપણી જ્ઞાતિ અને આખો ભારતીય સમાજ એમને છેક જ વિસરી ગયો છે. એ બહુ મોટા ગજાના ઈતિહાસકાર અને પુરાતત્વના નિષ્ણાત હતા. આજે લોકોમાંથી વાંચન વિચારનો શોખ જ વિલુપ્ત થતો જાય છે. માણસ સંપત્તિ અને કીર્તિ પાછળ એટલી તેજ ગતિએ ભાગી રહયો છે અને ટેકનોલોજીની આધુનિક શોધખોળે એના ચિત્તને એટલું ચંચળ કરી મૂકયું છે કે કોઈપણ બાબતમાં ઊંડું અવલોકન કરવાની અને તેના રહસ્યો ખોલવાની ક્ષમતા અદ્રશ્ય થતી જાય છે.

ભગવાનલાલનો જન્મ ૧૮૩૯માં થયો અને વિદાય થયા ૧૮૮૮માં. માત્ર ૪૯ વર્ષનું તેમનું આયુષ્ય,પણ એટલા અલ્પ જીવનકાળ દરમિયાન તેમણે પુરાતત્વ ક્ષેત્રે જે પાયાનું સંગીન સંશોધન કાર્ય કર્યું અને વારસાગત વૈદ્ય વિદ્યાનો સેવા માટે ઉપયોગ કર્યો તેનાથી ન કેવળ તેનું જીવન ધન્ય બન્યું પણ આખા દેશના ઈતિહાસ પર નવો પ્રકાશ પડયો જેની વિશ્વભરમાં સરાહના થઈ.

ઈતિહાસ એટલે કોઈપણ પ્રજાની પ્રાચીનકાળની સાચી હકીકત અને પુરાતત્વ એટલે એ હકીકતો જયાં પડી હોય તે સામગ્રીની શોધ અને અભ્યાસ. આ આખો વૈજ્ઞાનિક વિષય છે. અને એના તારતમ્યો વિજ્ઞાની જેવી તટસ્થતાથી અપનાવવાં જોઈએ. ભારત,નેપાળ,ચીન,ઈજિપ્ત વિગેરે અતિ પ્રાચીન સંસ્કૃતિઓ છે. એટલે ત્યાં બહુ જૂના કાળની ગુફાઓ સ્તુપો, શીલાલેખો, સિકકા, મૂર્તિઓ, સ્થાપત્યો અને ચિત્રો પડેલાં છે.

ભગવાનલાલને નાનપણથી જ પુરાતત્વના આ નમૂનાઓમાંમાં અખૂટ રસ હતો. અને લેખોની જૂની ઘસાઈ ગયેલી ભાષા તથા પ્રતીકો ઉકેલવાનો કઠિન અભ્યાસ એમણે કરેલો. સંશોધન માટે તેઓ અજંતા,મોહનજોદરોના મથક ખારવેલ, સરહાનપુર,(ઉ.પ્ર)મથુરા,ઉદયગીરી(ઓરીસ્સા)નાસિક,ધાર (મ.પ્ર) અને છેક નેપાળ રખડેલા. "રખડેલા" એમ એટલે લખ્યું કે તે વખતે સાધન સુવિધા નહીવત હતાં એટલે ઘણી તકલીફો વેઠવી પડતી. પ્રજા અભણ અને શાસન બ્રિટિશ સરકારનું ઉપરાંતમાં આજે જે ટેકનીકલ સાધનો યંત્રો ઉપલબ્ધ થયા છે તે ત્યારે શોધાયા ન હતા આમ છતાં ભગવાનલાલે શ્રમ અને સૂઝથી એટલો નકકર અને સુયોગ્ય અભ્યાસ એ સામગ્રીનો કર્યો અને ઈતિહાસને વાસ્તવરૂપે પ્રકાશિત કર્યો કે તેમને " પુરાતત્વ વિદ્યાના ભારતીય આદ્ય પુરૂષ" કહેવામાં આવ્યા છે. (આપણે આ મેઘાવી વિદ્વાનને જ પુરાતત્વના નમૂના બનાવી દીધા !)

ભગવાનલાલ ઈન્દ્રજી સંશોધક તો પ્રખર હતા પરંતુ એ થી યે મોટી સિદ્ધિ એમની એ છે કે તેઓ લોકમાન્યતા, દંતકથા, સંપ્રદાય, કે વર્ગની ગુમાનભરી કથાઓ તથા પ્રચલિત ખ્યાલોને સમર્થન ન આપતા, જરૂર પડયે એનું ખંડન થાય તો ડરતા નહીં અને પુરાતત્વના નમુનાના નકકર પુરાવાના આધાર પર તટસ્થ અહેવાલ મૂકી દેતા. એમના આવા એક નમુનેદાર અભ્યાસગ્રંથનું નામ છે' અર્લી હિસ્ટ્રી ઓફ ગુજરાત'.

હવે આ મહા નાગરરત્ને આપણી જ્ઞાનધારાને જે મૌલિક પ્રદાન કરેલું તેની આછી નોંધ :

- જૈન ધર્મ બૌધ્ધ ધર્મની શાખા મનાતો. તે પ્રાચીન નથી એવો ખ્યાલ અભ્યાસીઓમાં પણ માન્ય હતો. ભગવાનલાલની શોધોએ આ ભ્રમ તોડયો. (અનુસંધાન પાના - ૧૫ ઉપર)

(પાના-૨નું ચાલુ) - નેપાળમાં ઘણા સ્મારકો પહેલી વાર શોધ્યા, અને ઈતિહાસને સ્વચ્છ કર્યો આ માટે ભગવાનદાસે નેપાળી પર પણ પ્રભુત્વ મેળવ્યું.

- મોહેં-જો-દડોના શોધક રખાલદાસ બેનરજી જે અભિલેખને ઉકેલવામાં ગુંચવાઈ ગયા તેની નકલ સ્થળ પર રહીને નરી આંખે વાંચી ઉતારી ઉકેલનાર એકલા ભગવાનદાસ સફળ થયેલા.
- ગુજરાત કાઠિયાવાડના ઘણા બધા રજપૂતોના મૂળ સામાન્ય કે અજાણ્યા કુળમાં છેજ અને વિખ્યાત કુળ સાથે તેમનો સંબંધ નથી એ તથ્ય એમણે પુરાવાના આધારે શોધી હિંમતથી જાહેર કરેલું.
- અજંતાની ગુફા પાંડવોની ગુફા છે, એ ખ્યાલને ભગવાનદાસે ખોટો સાબિત કર્યો.
- ધારની મસ્જિદનો ચોવીસ ફુટ ઊંચો લોખંડનો સ્તંભ એટલો જ ઊંડો જમીનમાં છે એવી માન્યતા તેમણે એને ખોદાવતાં, ખોટી ઠરી. તે માત્ર દોઢ ફૂટ અંદર હતો.

ભગવાનલાલ પાસે જેવી તેજસ્વી મેધા હતી એવું જ સાનુકંપ તેમનું હૃદય હતું. આવો સમન્વય જ્વલ્લે જ જોવા મળે. વિદ્વાનો વિદ્વેષી ન જ હોય તો નવાઈ ! પણ ભગવાનલાલ સ્વભાવે નમ્ર, ઉદાર, પ્રેમાળ અને કરુણાળુ હતા. તેઓ વૈદું જાણતા, ઓસડિયાં ઓળખતા અને એકત્ર કરતા અને ગરીબ દર્દીઓને મફત સારવાર આપતા. રૂગ્ણની શુશ્રુષા કરવા દોડીને જતા.નેપાળ ગયા ત્યારે એ વખતે અસાધ્ય-ભયંકર મનાતા કોઢ અને રકતપિત્ત માટે ઓસડિયાં લાવેલા.

નાગરો અને નાગરીકો સૌનું મસ્તક જેને નમે એવા ભગવાનલાલ ઇન્દ્રજીને સ્મરી ધન્ય થઈએ.

વિશેષ જાણકારી માટે પુસ્તક ભગવાનલાલ ઇન્દ્રજી પુરાતત્વ વિદ્યાના ભારતીય આદ્ય પુરૂષ (વીરચંદ ધરમશી) (મ. શાં. ધો. દ્વારા ગુજરાત સમાચાર, ૨૪-૬ ના આધારે સાભાર)


# -:-:- મંગલ મેરેજ બ્યુરો -:-:-

**સંચાલક : મમતા ઢેબર - ફોન : ૦૨૮૧ ૨૫૭૦૬૮૧(મો) ૦૯૪૨૮૭૦૧૧૩૬**

**સમય : સવારે ૯ થી ૧૧ સાંજે ૫ થી ૭ ઈમેઈલ :** mamtadhebar@yahoo.in.

**આપના પુત્ર માટે કન્યા રત્નની યાદી :**

(૧) જાન્યુઆરી-૮૮, CA,CS. ઉંચાઈ ૫'.૧૧''ને સમકક્ષ કન્યા

(૨) જૂલાઈ - ૮૭ B.Com.MBA ઉંચાઈ ૫'.૯''ને કન્યા (ગુજરાત)

(૩) મે - ૮૬ MCom, LL.B.,CS. વડનગરા નાગર બ્રાહ્મણ

(૪) ઓગષ્ટ - ૮૩ Master in Automation હાલ જર્મની પણ બે વર્ષ પછી ભારતમાં સેટલ થવા ઈચ્છુક યુવકને સમકક્ષ કન્યા.

(૫) જૂલાઈ - ૭૯ B.Com., DCS., સેમી ગવ. નોકરીને કન્યા. (સૌરાષ્ટ્ર)

(૬) ફેબ્રુઆરી - ૮૦ કેમીકલ એન્જીનીયર ઉંચાઈ ૬' એન્જીનીયરને પ્રથમ પસંદગી

**સગાઈના અભિનંદન :**

ખેવના વોરા - કૌશલરાજ મારૂ,
જાન્હવી ઢેબર - મહેક છાયા,
કૌશલ છાયા - આનલ ઝાલા

**આપના સંતાનો માટે આજે જ બાયોડેટા ફોનથી નોંધાવો અને મનપસંદ જીવનસાથી મેળવો.**

**આપનું લવાજમ પુરૂં થાય છે...**

# યાદ છે ને ?

આપનું (દરેકનું) લવાજમ આ માસમાં પુરૂં થાય છે...ઓગષ્ટથી શરૂ થતાં નવાં વર્ષ આપનું લવાજમ **રૂા. ૧૦૦/–** પ્રતિનિધીને, મ.ઓ. થી, કે સીધુ કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે.

આપ **બેંક ઓફ બરોડા, કાલાવડ રોડ બ્રાંચ, કલમ કડછી બરછી કરંટ એકા.નંબર 15010200000110** (RTGS -BARB 0 KALAWA) **માં પણ લવાજમ જમા કરાવી શકો છો.** રકમ જમા કરાવ્યાની સ્લીપની ઝેરોક્ષ કાર્યાલયે મળતાં લવાજમ રીન્યુ કરવામાં આવશે/ નવા ગ્રાહકોને ત્યારબાદ અંક મોકલવામાં આવશે. સ્લીપ પાછળ / સાથે આપનું નામ, સરનામું, ફોન નંબર અને (જૂના ગ્રા. હોય તો) ગ્રાહકનંબર અચૂક લખશો. મનીઓર્ડરથી લવાજમ મોકલો તો સેટેલાઈટ–ઈલે. મ.ઓ.માં વિગતમાં ગ્રાહક નંબર લખી શકાય છે તેથી અચૂક લખશો તેમજ મ.ઓ. કર્યા બાદ ફોનથી પણ ગ્રા.નં. લખાવી દેશો. જેથી નવા વર્ષમાં બરછીથી વંચિત ન રહો. તા. ૧૦ ઓગષ્ટ સુધીમાં લવાજમ મળેલ દરેક ગ્રાહકોને બરછીના ઓગષ્ટના અંકની એડ્રેસ સ્લીપમાં RENEWED UPTO 7- 2013 પ્રિન્ટ થયેલ આવે નહીં અને (7- 2012 આવે) તો તુરત કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી. એકવાર બરછીની સ્લીપમાં RENEWED UPTO 7- 2013 આવી જાય પછી અંક ન મળવાની ફરીયાદ (ઘણી રહે છે) આપના વિસ્તારની જે તે પોસ્ટઓફીસમાં કરવાની તસ્દી લેશો, કારણ રીન્યુ થતા દરેક ગ્રાહકોનું દર મહીને કોમ્પ્યુટર મેઈલીંગ લીસ્ટનું પ્રિન્ટઆઉટ કાઢવામાં આવે છે અને અમારાં કુટુંબીજનોના હસ્તે જ તે સ્ટીકર ચોડવામાં આવે છે તેમજ બરછીને રજીસ્ટર ન્યુઝપેપર તરીકેનું લાયસન્સ હોવાથી નિયત ૨૧ તારીખે જ RMSમાં ગામેગામના અને રાજકોટના તો પીનકોડ નંબર પ્રમાણે સોર્ટીંગ કરી,બંચ બાંધી અંક પોસ્ટ કરવામાં આવે છે. આટલી ચોકસાઈ છતાં બરછી ન મળે અને 'બીજી ટપાલો તો બરાબર મળે છે' તેવી શંકા સાથેની ફરીયાદ ખટકે છે. કારણ મુ. શાંતિભાઈ જેવી જ નીતિમત્તા અમે જાળવી છે... તમારે વિશ્વાસ ...!–તંત્રી.

## રાજકોટના જ્ઞાતિજનો નોંધ લેશો...

(૧) જ્ઞાતિજનોને વિદીત છે કે હવે 'બરછીકાર્યાલય' ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, (કોટેચાનગર મેઈન રોડ, કોટેચા હાઈસ્કૂલ બિલ્ડીંગ, મંગલમ્ સ્ટોર્સની બાજુમાં) ખાતે કાર્યરત છે. જ્ઞાતિજનોને લવાજમ ભરવા કે રૂબરૂ મળવા સવારે ૧૧ થી ૧ સાંજના ૭ થી ૮ દરમ્યાનનો સમય ફાળવેલ છે. શકય હોય તો આપની સુવિધા માટે ફોન (૨૪૫૩૦૬૩) કરી આવશો. (૨) રાજકોટના વડીલ પ્રતિનિધી **શ્રી મધુકરભાઈ વૈશ્નવ સપ્ટેમ્બર માસ સુધી અમેરીકા ગયેલ હોવાથી** તેઓ હસ્તકના ગ્રાહકોને ઓગષ્ટ માસનો અંક મોકલવા માં આવશે...તે દરમ્યાન સારા–માઠા પ્રસંગમાં મને કે પ્રતિનિધી શ્રી કૌશિક ભાઈ પોટા, ચેતન છાયા, ભરતભાઈ મહેતા, મુકેશ ભાઈ દેસાઈ, નીલમ વસાવડા કે હીતેષ ધોળકિયા મારફત અથવા કાર્યાલયે સીધું લવાજમ પહોંચાડવાની વ્યવસ્થા કરવા વિનંતી છે. – તંત્રી

**barchhi.com ઉપર 'બરછી'ના મે જૂન જૂલાઈ ના અંકો આપ વિના મૂલ્યે વાંચી શકશો. જૂલાઈ પછી ઇ–બરછી લવાજમ ભરીને વાંચી શકાશે. નીચેની એડ્રેસ સ્લીપમાંનો આપનો ગ્રાહકનંબર નોંધી લવાજમ સમયે અચૂક નોંધાવશો.**

**KALAM KADCHHI BARCHHI-GRJ-23**
**Registration Valid upto 31-12-2011**

**If not delivered Pl. return to :**
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩